જામનગર મહાનગરપાલિકા
જામનગર

:: જાહેર નોટીસ ::

તા. ૦૫/૦૬/૨૦૧૮.

હું રણજીતસિંહ આર. બારડ (IAS) મ્યુનિસીપલ કમિશ્નર, જામનગર મ્યુનિસીપલ કોર્પોરેશન, જામનગર. અમોને ધ. જી.પી.એમસી. એકટ–૧૯૪૯ હેઠળ પ્રાપ્ત થયેલ સત્તા અન્વયે આથી સબંધકર્તા સર્વેને આ જાહેર નોટીસથી જણાવું છું કે,

જામનગર મ્યુનિસીપલ કોર્પોરેશન વિસ્તારમાં શહેરના નાગરિકોના આરોગ્યની સુખાકારી તથા તંદુરસ્ત વાતાવરણ મળી રહે, તેમજ પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ ૨૦૧૬ અંતર્ગત તથા પ્લાસ્ટિક કચરાનું નિયંત્રણ કરવા સરકારશ્રીના સંપૂર્ણ સ્વચ્છ ભારતના અભિયાનને સાર્થક બનાવવાના હેતુસર જામનગર શહેરમાં જાહેર રસ્તા, રહેણાંક વિસ્તારો, વાણિજ્ય એકમો તથા ખાણીપીણી/ ચા/ કોફી/ કોલ્ડ્રીકસ વિગેરેની લારીઓ/દુકાનો તથા અન્ય એકમો વિગેરે ધ્વારા ઉપયોગમાં લેવામાં આવતા નિયત સ્ટાન્ડર્ડ મુજબના ન હોય તેવા હલકી ગુણવત્તાના પાતળા પ્લાસ્ટિક કપ તથા પાતળી પ્લાસ્ટિક થેલીઓ, પાન/મસાલાના પેકીંગ માટે વપરાશમાં લેવામાં આવતા પાતળા પ્લાસ્ટિકના રેપર્સ જોખમકારક હોઈ, તેમજ આ હલકી ગુણવત્તાના પાતળા પ્લાસ્ટિક કપ, પ્લાસ્ટિકના તમામ પ્રકારના પાઉચ (પાણીના પાઉચ સહિત), પ્લાસ્ટિકની થેલીઓ, પાન/મસાલાના પ્લાસ્ટિકના પેકીંગ વેસ્ટેજનો યોગ્ય નિકાલ ન થવાથી વરસાદી ગટરોની કેચપીટોમાં એકત્રીત થવાને લીધે પાણીનું યોગ્ય વહન ન થવાને લીધે પાણીનો ભરાવો થાય છે. તેમજ વરસાદી ગટરો તેમજ ડ્રેનેજની સુઅર લાઈન પણ ચોકઅપ થાય છે. જેથી પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ–૨૦૧૬ માં જણાવેલી જોગવાઈ વિરૂધ્ધની પાતળા પ્લાસ્ટિક કપ, પ્લાસ્ટિકના તમામ પ્રકારના પાઉચ (પાણી પાઉચ સહિત), પ્લાસ્ટિક થેલીઓ, પાન/મસાલાના પ્લાસ્ટિકના પેકીંગ ઉત્પાદન, સંગ્રહ, વાપરવા તથા વેંચાણ પર પ્રતિબંધ ફરમાવું છું.

આ જાહેર નોટીસનું ઉલ્લંઘન કરનાર સામે ધ. જી.પી.એમ.સી. એકટ–૧૯૪૯ ની કલમ ૩૭૬/A હેઠળ તેમજ અન્ય જોગવાઈ હેઠળ પગલા લેવામાં આવશે અને જરૂરી જણાયે C.R.P.C ની કલમ–૧૩૩ હેઠળ જાહેર ન્યુસન્સ ઉભુ કરવા માટે જરૂરી ફોજદારી કાર્યવાહી માટે જામનગર મ્યુનિસીપલ કોર્પોરેશન ધ્વારા આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

કમિશ્નર
જામનગર મહાનગરપાલિકા

નં.જેએમસી/સો.વે./૩૮/પ્રતિબંધિત પ્લાસ્ટિક/ ૭૭૫ /૨૦૧૮–૧૯.
તા. ૦૫/૦૬/૨૦૧૮.